# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 23-06-2025 Day: Monday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## ગ્રામ પંચાયત ચુંટણી-રાજ્ય:

રાજ્યમાં ગઈકાલે ગ્રામ પંચાયતોની સામાન્ય અને પેટા-ચૂંટણી માટે શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન સંપન્ન થયું. રાજ્યની 8 હજારથી વધુ ગ્રામ પંચાયતોમાં 3 હજાર 656 સરપંચની જગ્યાઓ અને 16 હજાર 224 સભ્ય બેઠકો માટે મતદાન યોજાયું. આ મતદાન માટે 81 લાખ મતદારો નોંધાયા હતા

રાજ્યનાં અનેક જિલ્લાઓમાં વરસાદનાં માહોલમાં લોકોએ ઉત્સાહભેર મતદાન કર્યું હતું. સવારથી જ લોકો મોટી સંખ્યામાં મતદાન માટે ઉમટી પડ્યા હતા.

અત્રે જણાવીએ કે , રાજ્યની કુલ 751 ગ્રામ પંચાયતો સમરસ થઈ છે. 25 જૂનના રોજ મતગણતરી હાથ ધરાશે.

---

## કડી,વિસાવદરની પેટા ચુંટણીની મતગણતરી આજે :

કડી અને વિસાવદર વિધાનસભા બેઠકોની 19મી જૂને યોજાયેલી પેટાચૂંટણીની મતગણતરી આજે હાથ ધરવામાં આવશે. વિસાવદર વિધાનસભા મતદાર વિભાગની મતગણતરી જૂનાગઢની કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી કોલેજ ખાતે થશે.

કડી વિધાનસભા મતવિસ્તારની મતગણતરી મહેસાણાના મેવડ સ્થિત ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી ઇન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી એન્ડ રિસર્ચ ખાતે થશે. પ્રથમ પોસ્ટલ

બેલેટની ગણતરી થશે. મતગણતરી માટે ૬૦ જેટલા કર્મચારીઓ ફરજ બજાવશે. કુલ ૨૧ રાઉન્ડમાં મતગણતરી થશે અને સમગ્ર પ્રક્રિયાનું સી.સી.ટી.વી. દ્વારા મોનીટરીંગ થશે.

---

## જિલ્લાની ગ્રામપંચાયતોની ચુંટણીમાં 76.73 ટકા મતદાન :

રાજ્યની સાથે કચ્છમાં પણ ગઈકાલે ગ્રામ પંચાયતોની સામાન્ય અને પેટા ચુંટણી માટે શાંતિપુર્ણ રીતે મતદાન યોજાયું. સવારે 7 વાગ્યાથી શરૂ થયેલા મતદાન માટે ગ્રામ્ય વિસ્તારોમાં લોકો વહેલી સવારથી જ મતદાન મથકો પર પોતાનો મત નોંધાવવા પહોંચ્યા હતા. પ્રાપ્ત વિગતો અનુસાર સામાન્ય, વિભાજન અને મધ્યસત્ર ચુંટણી વાળી 118 ગ્રામપંચાયતોમાં કુલ 2 લાખ 16 હજાર 512 મતદારો પૌકી 1 લાખ 65 હજાર 261 મતદારોએ મતદાન કર્યુ હતું. ટકાવારીની રીતે જોઈએ તો કુલ 76.33 ટકા મતદાન નોંધાયું. જયારે જિલ્લાની 11 ગ્રામપંચાયતોમાં પેટા ચુંટણી માટે નોંધાયેલા કુલ 17,335 મતદારો પૈકી કુલ 10,895 મતદારોએ પોતાના મત્તાધિકારનો ઉપયોગ કર્યો હતો એટલે કે 62.85 ટકા મતદાન નોંધાયુ હતું.

---

## તાલુકાવાર મતદાનની ટકાવારી:

જિલ્લામાં સામાન્ય વિભાજન અને મધ્યસત્ર ચુંટણીની તાલુકાવાર વિગતો જોઈએ તો ભુજ તાલુકાની 21 ગ્રામપંચાયતોમાં 70.02 ટકા, અંજારની 17 ગ્રામપંચાયતોમાં કુલ 83.45 ટકા, ભચાઉની 6 ગ્રામપંચાયતોમાં 80.01 ટકા, માંડવી તાલુકાની 11 ગ્રામપંચાયતોમાં 75.10 ટકા, મુન્દ્રાની 21 ગ્રામપંચાયતોમાં 83.59 ટકા, નખત્રાણાની 10 ગ્રામપંચાયતોમાં 72.97, લખપતની 5 ગ્રામપંચાયતોમાં 83.49, અબડાસાની 3 ગ્રામપંચાયતોમાં 83.87 ટકા અને રાપર તાલુકાની 24 ગ્રામપંચાયતોમાં 74.75 ટકા મતદાન નોંધાયું.

---

## 5 તાલુકાની પેટા ચુંટણીની તાલુકાવાર ટકાવારી:

ગઈકાલે યોજાયેલ 5 તાલુકાની પેટાચુંટણીની વિગતો જોઈએ તો ભુજ તાલુકાની 3 ગ્રામપંચાયતોની પેટાચુંટણીમાં કુલ 59.50 ટકા, માંડવી તાલુકાની 1 ગ્રામપંચાયતની પેટા ચુંટણીમાં 74.31 ટકા,મુંદરા તાલુકાની 2 ગ્રામપંચાયતોમાં 81.91 ટકા, અબડાસા તાલુકાની 2 ગ્રામ પંચાયતોની પેટા ચુંટણીમાં 67.37 ટકા અને રાપર તાલુકાની 3 ગ્રામપંચાયતોની પેટા ચુંટણીમાં 61.27 ટકા મળીને કુલ 62.85 ટકા મતદાન નોંધાયુ હતું.

મતદાન પ્રક્રિયા સુવ્યવસ્થિત રીતે સંપન્ન થાય તે માટે વહીવટી તંત્રના 1450થી વધુ કર્મચારીઓને ફરજ પર મૂકવામાં આવ્યા હતા. ચૂંટણી દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

---------------------------------------------------------------------------------------------------

## 148મી રથયાત્રાની અંગેની તૈયારીઓ:

27મી જૂને અમદાવાદમાં ભગવાન જગન્નાથની 148મી રથયાત્રાની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. અમદાવાદ શહેર પોલીસ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે.

ગઈકાલે શહેરના પોલીસ કમિશનર જી.એસ.મલિકે જગન્નાથ મંદિરની મુલાકાત લીધી હતી રથયાત્રાના રૂટનું નિરીક્ષણ કર્યું હતું.

પોલિસ કમિશનર શ્રી મલિકે જણાવ્યું કે રથયાત્રા દરમિયાન AI આધારિત પ્રણાલીનો ઉપયોગ કરવામાં આવશે.

---------------------------------------------------------------------------------------------------

## જિલ્લામાં વરસાદી માહોલ:

સમગ્ર જિલ્લામાં હળવા વરસાદી માહોલ વચ્ચે નખત્રાણા તથા મુન્દ્રા તાલુકામાં હળવો વરસાદ થયો હતો. તો પુર્વ કચ્છના ગાંધીધામ તેમજ આસપાસના વિસ્તારોમાં હળવા વરસાદી ઝપટા અને મોડી સાંજે વીજળી સાખે ધોધમાર વરસાદ નોંધાયો હતો.

જિલ્લા કંન્ટ્રોલરૂમ પરથી મળતી વિગતો અનુસાર ગઈકાલ સવારના 6 વાગ્યાથી અત્યારના 6 વાગ્યા સુધીમાં જિલ્લામાં થયેલ વરસાદ અંગે તાલુકાવાર સ્થિતિ જોઈએ તો અંજાર તાલુકામાં 108 મી.મી., ગાંધીધામ અને ભચાઉ બંનેમાં 81, રાપર 145, મુન્દ્રા 120, અબડાસા 55,નખત્રાણા 97, ભુજ 78, માંડવી 127 અને લખપત તાલુકામાં 28 મી.મી. વરસાદ નોંધાયો છે.

---------------------------------------------------------------------------------------------------